ગાંધીનગર સમાચાર

ગાંધીનગર **તાપમાન**

મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૫ ટકા

# સરગાસણના તળાવની કોર્પોરેશન દ્વારા સફાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની ટીમ દ્વારા મેગા ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત શહેરના વિવિધ સ્થળો પર દબાણો દૂર કરવાથી લઈને સફાઈની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ગાંધીનગરનાં સરગાસણ ખાતે આવેલ તળાવની અંદર, ઢોળાવ પર તથા તળાવની આસ-પાસ ઉગી નીકળેલા બિનઉપયોગી ઘાસ, બાવળ, આકડા વગેરેનો નિકાલ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર મહાનગરપાલિકાની સેનિટેશન અને બાગાયત શાખા દ્વારા તળાવની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

છેલ્લા એક અઠવાડિયામાં આ તળાવની સફાઈ કામગીરી દરમિયાન પાલિકા દ્વારા અંદાજીત ૨૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. આ માટે ૨૦ માણસોની એક ટીમે સતત ૧૦ દિવસ જહેમત ઉઠાવી હતી.

તળાવની સફાઈ બાદ ચોમાસામાં આસપાસ ખાલી જગ્યા પર વૃક્ષારોપણ કરવામાં આવશે. ચોમાસા દમરિયાન તળાવની અંદર પાણી ભરાતા તેની સુંદરતામાં પણ વધારો થશે.







## સચિવાલય જિમખાના સે-૨૧નુ ગૌરવ



ગાંધીનગર, તા.૨૪

ગુજરાત રાજ્ય રાજકોટ મુકામે પ્રથમ ફીન સ્વિમીંગ ચેમ્પીયનશીપ-૨૦૨૩નું આયોજન, અન્ડર વોટર સ્પોર્ટસ એસોસીયેશન ગુજરાત તથા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સચિવાલય જિમખાના, સેકટર-૨૧, ગાંધીનગરના સ્વિમીંગ પુલના સ્વિમર ગોલ્ડ , સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતી ગૌરવ વધાર્યું છે.જેમાં વિજેતા સ્પર્ધક તોફીક મેમન ને ૩ ગોલ્ડ, આનંદ ગુપ્તા ને ૨ ગોલ્ડ, નિરંજરાય -૨ ગોલ્ડ, ૧ સિલ્વર, ધૈર્ય પંડ્યા-૨ ગોલ્ડ, ૧ સિલ્વર, દુષ્યંત મેઘનાથ - ૧ સિલ્વર, ૧ બોન્ઝ, વિપુલ ચાવડા - ૧ બોન્ઝ, સંગીતાકુમારી ને ૧ સિલ્વર મેડલ તથા મિતુલ રાવત, યુગ પ્રજાપતિ, ચૈતન્ય, ગૌરવ મકવાણા, વિવેક પટેલ, હાર્દિક પાટીલ ને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.આ સ્પર્ધામાં વિજયી થવા બદલ સચિવાલય જિમખાના, સેકટર-૨૧, ગાંધીનગરના મેનેજર જીતેન્દ્ર પરમારે તેમજ કોચ કે.જી.ભગત, મનિષાબેન ત્રિપાઠી તથા રામભાઈ પરમાર તથા શ્રી શરદ વ્યાસે સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતાં. ગુજરાત અન્ડર વોટર એસોસિએશનના પ્રેસિડન્ટ વરુણ પટેલ તથા સેક્રેટરી શીટલ ભટ્ટે પુલના તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતાં.


# પેથાપુરમાં પાણીની સમસ્યા ઘેરી બની



ગાંધીનગર, તા.૨૪

પેથાપુર ગામ જે અત્યારે હાલના સમયમાં ગાંધીનગર મ્યુનિશિપલ કોર્પોરેશનના વિસ્તારમાં ભેળવવામાં આવેલ છે તેવા પેથાપુર ગામમાં મેઈન બજાર ખાતે હાલ પાણીની વિકટ પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. પેથાપુર મેઈન બજાર ખાતે છેલ્લા ચાર દિવસથી પાણી આવતું નથી ત્યારે પ્રજા બેબાકળી બની છે. પેથાપુરના ભરતભાઈ પંડ્યા એ આવી પરિસ્થિતીમાં ગાંધીનગર કોર્પોરેશનના કોર્પોરેટર અનિલસિંહ વાઘેલાને પાણી ન આવ્યું હોવાની રજુઆત કરેલ જે રજુઆત ધ્યાને લઈ પ્રજાની પડખે ઉભા રહી પ્રજાની મુશ્કેલી થોડી હળવી થાય તે હેતુસર પેથાપુર મેઈન બજાર ખાતે પાણીનું ટેન્કર મંગાવી સરાહનીય કામગીરી કરી હતી. તદઉપરાંત હાલમાં એવી પણ લોકમુખે ચર્ચા છે કે હજુ આવતા ત્રણ દિવસ સુધી પાણી આવે તેમ નથી. જો આવી જ સ્થિતિ રહી તો કારમી ગરમીમાં પેથાપુરની પ્રજાનું શું થશે..? આવી પરિસ્થિતિમાં કોર્પોરેશનમાં બેઠેલા અધિકારીઓ આકરી ગરમીમાં હેરાન થતી પ્રજાનું વિચારશે..? કે પ્રજાજનોને તકલીફો સહન કરી મુકપ્રેક્ષક બનવું તે જોવું રહયું.

## જન્મદિને વધામણી



મોનિકા ઠક્કર
મો. ૭૯૯૦૪ ૮૬૨૧૯



રમેશભાઈ એસ. વાળંદ
મો. ૭૫૬૭૦ ૭૮૨૮૨



ડો. પરાગી ગાંધી
મો. ૯૮૨૫૫ ૬૩૯૯૦



રસીલાબેન કનુભાઈ પંચાલ
મો. ૯૫૧૨૨ ૫૩૨૫૧



હાર્દિક જે. દરજી
મો. ૭૭૧૨૯ ૪૨૦૩૮



વિદ્યાબા
મો. ૯૪૦૮૭ ૮૬૯૦૯

# મહાનગર ભાજપની બૃહદ્ કારોબારી બેઠક યોજાઈ

### પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપા સરકારને નવ વર્ષ પુરા થવા પર ૧ જૂનથી ૩૦ જૂન ભાજપ વિશેષ જનસંપર્ક અભિયાન હાથ ધરશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા.૨૪ મે, મંગળવારે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ સે.૧૭ ખાતે શહેર ભાજપની બૃહદ્ કારોબારી બેઠક યોજાઈ હતી જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપા સરકારને ૯ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે બેઠકમાં ઉપસ્થિત અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓને ભાજપાના રાષ્ટ્રવ્યાપી વિશેષ જનસંપર્ક અભિયાન અન્વયે વિવિધ કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ વિવિધ સંગઠનાત્મક વિષયો અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો.

મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટે મહાનગર ભાજપ સંગઠનના નવનિયુક્ત પ્રભારી નૌકાબેન પ્રજાપતિનું અભિવાદન કરી શહેર ભાજપા વતી તેમને આવકાર્યા હતા. ઋચિર ભટ્ટે જણાવ્યું હતું કે, છેલ્લા ૯ વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા પ્રત્યેક ક્ષેત્રે અભૂતપૂર્વ



કામગીરી થઈ છે, જન જન આજે અનુભવી રહ્યું છે કે નવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે, દેશ બદલાઈ રહ્યો છે, વિશ્વમાં ભારતના વિકાસનો ડંકો વાગી રહ્યો છે ત્યાર પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના ગુજરાતમાં આગામી લોકસભાની ચુંટણીમાં તમામ બેઠકો પર ૫ લાખથી વધુ મતોની લીડ સાથે ઐતિહાસિક વિજય મેળવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે અને તેને હાંસલ કરવામાં મહાનગર ભાજપનો પ્રત્યેક કાર્યકર્તા પોતાની જવાબદારી નિભાવશે. તા. ૧ થી ૩૦ જૂન કેન્દ્રીય અને પ્રદેશ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ ભાજપ વિશેષ સંપર્ક અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજશે.

મહાનગરના નવનિયુક્ત પ્રભારી નૌકાબેન પ્રજાપતિએ તેઓને ઉત્સાહપૂર્વક આવકારવા બદલ મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટ સહિત સંગઠનનો આભાર વ્યક્ત કર્યો હતો અને ગાંધીનગરના ઉત્સાહિત અને તરવરીયા કાર્યકર્તાઓના સહકારથી સૌ સાથે મળી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસ અભિયાનને વેગ આપીશું તેમ જણાવ્યું હતું અને સંગઠનના હોદ્દારો સાથે પરિચય કેળવ્યો હતો.મહાનગરના મહામંત્રી કનુભાઈ દેસાઈ અને ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ભાજપાના વિશેષ જનસંપર્ક અભિયાન હેઠળના વિવિધ સ્તરીય કાર્યક્રમો અંગે સૌને માહિતગાર કર્યા હતાં. આ બેઠકમાં ધારાસભ્ય રીટાબેન પટેલ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, સિનિયર અગ્રણીઓ મનપામાં દંડક તેજલબેન નાયી, શહેર તેમજ વોર્ડ સંગઠનના હોદેદારો, કોર્પોરેટરો, વિવિધ મોરચા અને સેલના પદાધિકારીઓ સહિત અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો-રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે પ્લેસમેન્ટ ફેરનું આયોજન





ગાંધીનગર, તા. ૨૪

PLACEMENT CELL OF અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બાયો રીસર્ચ દ્વારા પ્લેસમેન્ટ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં SAVIOUR PHARMA, APPOLO PHARMA, PLANET HEALTH CARE એ ભાગ લીધો હતો. તેમાં B.PHARMના ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી ૭ વિદ્યાર્થીઓનું સીલેક્શન કરવામાં આવ્યું હતું. તેમને ૧ લાખ ૭૦ હજારથી ૩ લાખ સુધીના પેકેજનું ઓફર કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન DR.SAURABH JAIN (PLACEMENT CO-ORDINATOR) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# દિવ્યાંગતા પ્રમાણપત્રનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સ્થિત સમાજસેવી સંસ્થા સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘના નિયામક ફાધર ઝેવિયર જેમ્સની આગેવાની હેઠળ તેમની ટીમના સભ્યો તથા મોટી શિહોલી ગામના સરપંચ પરબતજી માધાજી ઠાકોરના સહયોગથી ગાંધીનગર જિલ્લાના મોટી શિહોલી અને દશેલા ગામના કુલ ૧૯ દિવ્યાંગ વ્યક્તિઓને સરકારી યોજના અને ઉપયોગી સાધન-સહાયનો લાભ મળી શકે તે ઉદ્દેશ્યથી સિવિલ હોસ્પિટલ ખાતે તેઓની દિવ્યાંગતાની તપાસ કરાવીને દિવ્યાંગતા પ્રમાણપત્ર અપાવવામાં આવ્યા હતા.

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી દ્વારા ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન



ગાંધીનગર, તા.૨૪

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી દ્વારા રેઈનો રેમેડિઝ પ્રા.ઈલેક્ટ્રોનિક એસ્ટેટ ગાંધીનગર ખાતે ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટનું આયોજન કરાયું હતું. આ વિઝિટ માં આશરે ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ફાર્માસૂટિકલ કંપની માં વપરાતા સાધનો જેવાકે ટેબલેટ મશીન, એનાલિટિકલ સાધનો વિષે માહિતગાર કરાયા હતા. આ સાથે તેમને ઈન પ્રોસેસ કવોલીટી કંટ્રોલ અને કંમ્યુનિકેશનની પદ્ધતિઓ પણ સમજવામાં આવી હતી.

# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે સેક્ટર-૨૧ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

૫મી જૂન " વિશ્વ પર્યાવરણ દિન " ની ઉજવણીના ભાગરૂપે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, ડૉ. નિધિ ફિઝિયો વર્લ્ડના સહયોગથી તા. ૪/૦૬/૨૦૨૩, રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે સેક્ટર-૨૧ ખાતે " વિશ્વ પર્યાવરણ " ની થીમ પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે તો સ્પર્ધામાં ભાગ લેવા માટે નોંધણી કરાવવી જરૂરી છે. આ સ્પર્ધામાં ૫ વર્ષથી ૩૦ વર્ષ સુધીના લોકો ભાગ લઈ શકશે. ભાગ લેનાર દરેક સહભાગી મિત્રોને આયોજક દ્વારા પ્રમાણપત્ર અને ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે તો મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી ભાગ લેવા માટે ઈચ્છુક લોકોએ પોતાનું નામ ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭ પર ફોર્મ ભરીને નોંધણી કરાવી લેવી તેમ જણાવવામાં આવેલ છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.દંતાણી મુકેશકુમાર અશોકભાઈ** ઉ.વ.૪૨, વાવોલ
- **સ્વ.પટેલ વિજયાબેન ડાહયાભાઈ** ઉ.વ.૬૧, ગાંધીનગર
- **સ્વ.ઠાકોર પ્રકાશજી સોમાજી** ઉ.વ.૩૫, પેથાપુર
- **સ્વ.સતાસીયા ભગવાનજી દેવરાજભાઈ** ઉ.વ.૮૫, અડાલજ
- **સ્વ.ભાવસાર સુધાબેન ભગુભાઈ** ઉ.વ.૭૭, ગાંધીનગર